GJSK050025612022		
	આંક–	૭૫
	કેસ દાખલ તા:	૨૫/૧૧/૨૦૨૨
	કેસ રજી.તા:	૨૫/૧૧/૨૦૨૨
	કેસ ફેસલ તા:	૨૫/૦૬/૨૦૨૬
	સમય ગાળો:	વર્ષ–માસ–દિવસ
		૦૩–૦૭– ૦૦

<u>ફોર્મ–એ</u>

<u>ખેડબ્રહમાના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (કે.જે.રાઠોડ) સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ.ખેડબ્રહમા</u> **(જજમેન્ટ આપ્યાની તારીખ : ૨૫/૦૬/૨૦૨૬)** **(કેસ નં.૨૨૩૦/૨૦૨૨)** **(ગુન્હાની કલમ– ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકની કલક–૧૩૮ મુજબ)**	
ફરીયાદી	સોની રામલાલ જેઠમલજી, ઉ.વ.૬૨, રહે.કિશન જવેલર્સ,ડૉ.દવે હોસ્પીટલની સામે ખેડબ્રહમા, તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.
ફરીયાદી પક્ષ તરફે વિ.વ.શ્રી	વી.બી.વૈષ્ણવ.
આરોપી	ભવરલાલ ધુલચંદ્રજી સોની, ઉ.વ.૫૫, રહે.રોડ નં.૩, ગાયત્રી સોસાયટી, વાસણા રોડ, ખેડબ્રહમા, મુ.પો.તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા.
આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી	વી.બી.ત્રીવેદી.

<u>ફોર્મ–બી</u>

પ્લી લેવાની તારીખ	તા.૧૯/૧૦/૨૦૨૩
પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ	તા.૧૦/૧૧/૨૦૨૩
દલીલ સાંભળેલ તારીખ	તા.૧૮/૦૬/૨૦૨૬
જજમેન્ટ આપ્યાની તારીખ	તા.૨૫/૦૬/૨૦૨૬
સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો)	તા.૨૫/૦૬/૨૦૨૬

આરોપીની વિગતો

આરોપી ની સંખ્યા	આરોપીનું નામ	અટક કર્યાની તારીખ	જામીન પર મુકત કર્યાની તારીખ	ગુનાઓના આરોપસર	સજા/ નિર્દોષ	ફરમાવેલ સજા	કેદમાં રહેલ મુદ્દતનો સમય ક્રિ.પ્રો. કોડની કલમ–૪૨૮ ના હેતુસર
એક (૦૧)	ભવરલાલ ધુલચંદ્રજી સોની	–	–	ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.	સજા	૧ (એક) વર્ષની સાદી કેદ સજા તેમજ ચેકની રકમનો દંડ	–

ફોર્મ–સી

એ– ફરીયાદપક્ષના સાક્ષી :–

નં.	નામ	આંક
૧.	ફરીયાદી સોની રામલાલ જેઠમલજીનુ સરતપાસનું સોગંદનામું	૦૪

બી– આરોપીપક્ષના સાક્ષી :–

નં.	નામ	આંક
૧.	–	–

સી–કોર્ટ તરફેના સાક્ષી :–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર
CW1	–	–
CW2	–	–

એ– ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–

નં.	વિગત	આંક
૧.	પ્રોમીસરી નોટ	૨૬
૨.	આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૦૧૦	૨૭

૩.	કાઉન્ટર ફોઈલ	૨૮
૪.	ચેક રીર્ટન મેમો	૨૯
૫.	આરોપીને આપેલ નોટીસની સ્થળપ્રત	૩૦
૬.	આરોપીને વતનના સરનામેં આર.પી.એ.ડી.થી કર્યા અંગેની સ્લીપ	૩૧
૭.	આરોપીને નોટીસ બજી ગયેલાની પોસ્ટની એકનોલોજમેન્ટ પાવતી	૩૨
૮.	આરોપીએ તેમના વિ.વ.શ્રી મારફતે મોકલાવેલ અસલ જવાબ	૫૨

બી–આરોપીપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–

નં.	વિગત	આંક
૧.	–	–

સી–કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–

નંબર	આંકના નંબર	વિગત
૧.	આંક D-1/DW 1	–
૨.	આંક D-2/DW 2	–

–: ચુ કા દો :–

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે,ફરીયાદી ખેડબ્રહ્મા મુકામે પોતાના પરીવાર સાથે રહે છે અને સોનીકામ કરી પોતાનુ ગુજરાન ચલાવે છે અને આરોપી પણ ખેડબ્રહ્મા મુકામે રહી ચાંદીના દાગીના બનાવવાનું કામ કરે છે. આરોપી તથા ફરીયાદી એકજ પ્રકારનો વ્યવસાય કરતા હોઈ તેમજ એક જ જ્ઞાતિના હોઈ આરોપી ધંધાકીય કામે અવાર–નવાર ફરીયાદીની દુકાને આવતા જતા હોઈ ફરીયાદી અને આરોપી વચ્ચે ઓળખાણ મિત્રતાના સારા સંબંધો સ્થપાયેલા. ઉપરોકત સંબંધોના નાતે આરોપી ગઈ તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ ફરીયાદીની દુકાને આવેલા અને ફરીયાદીને જણાવેલ કે "મારે ધંધાના કામે રૂા. ૧,૨૦,૦૦૦/– ની જરૂરીયાત ઉપસ્થીત થયેલ છે, તો તમો મને બે માસ માટે હાથ ઉછીના આપો, સદર હાથ ઉછીની લીધેલ રકમ તમોને બે માસમાં ગમે ત્યાંથી સગવડ કરી પરત કરી દઈશ " તેવી

માંગણી કરેલ અને સદર રકમ બે માસમાં પરત કરવાની પાકી ખાત્રી અને વિશ્વાસ પણ આરોપીએ ફરીયાદીને આપેલ. ફરીયાદી અને આરોપી બન્ને વચ્ચે સારા સંબંધ હોવાથી આરોપીના કથન ઉપર વિશ્વાસ રાખી ફરીયાદીએ આરોપીને રૂા. ૧,૨૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પુરા તે જ દિવસે ફરીયાદીએ બેંકમાંથી ઉપાડ કરેલી રકમમાંથી તથા અંગત બચતમાંથી આરોપીને રોકડા હાથ ઉછીના આપેલ અને સદર રકમ મળ્યા અંગે તે જ દિવસે તા.૨૮/૦૭/૨૦૨૨ ના રોજ ફરીયાદીને પ્રોમીસરી નોટ બનાવડાવી આરોપીએ સહી કરીને આપેલ. આરોપીના વાયદા મુજબ બે માસમાં ફરીયાદીએ આરોપીને હાથ ઊછી ની આપેલ સદર રકમ પરત ન થતાં સદર રકમ પરત મેળવવા ફરીયાદીએ આરોપી પાસે અવાર–નવાર ઊઘરાણી કરેલી, પરંતુ આરોપીએ જુદા જુદા બહાના બતાવી પરત કરેલ નહીં. છેલ્લે ઓકટોમ્બર –૨૦૨૨ ના પહેલા અઠવાડીયામાં સદર રકમ પરત મેળવવા ફરીયાદીએ આરોપી પાસે આગ્રહ પુર્વકની ઊઘરાણી કરતાં આરોપીએ તેમના કાયદેસરના દેવાના અવેજ પેટે ફરીયાદીને એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક, સુમેરપુર શાખાનો, તા. ૧૭/૧૦/૨૦૨૨ ના રોજનો તમારા ખાતા નં. ૧૭૧૧૨૨૮૦૧૨૧૬૪૪૫૨ નો, ચેક નં.૦૦૦૦૧૦ નો રૂા. ૧,૨૦,૦૦૦/– અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પુરાની રકમનો ફરીયાદીની રૂબરૂમાં આરોપીએ સહી કરી ચેક આપેલો અને સદર ચેક પાકતી તારીખે કે પછી બેંકમાં રજૂ કરતાં જરૂરથી સ્વિકારાઈ જશે તેવી પાકી ખાત્રી અને વિશ્વાસ પણ આરોપીએ ફરીયાદીને આપેલો, જેથી ફરીયાદીએ સદર ચેક સ્વિકારેલ. ત્યારબાદ સદર ચેક ફરીયાદીએ તેઓની ખાતાવાળી બેન્કમાં તા.૧૭/૧૦/૨૦૨૨ ના રોજ રજુ કરતાં સદરહું ચેક રીટર્ન મેમાના કારણ ''એકાઉન્ટ ડોરમેન્ટ'' ના શેરા સાથે તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ પરત થયેલ. ત્યારબાદ સદર ચેક પરત ફર્યા બાબતની ફરીયાદીએ તેઓના વિ.વ.શ્રી મારફતે આરોપીને તા. ૦૨/૧૧/૨૦૨૨ ના રોજ નોટીસ રજી.પો.એ.ડી.થી મોકલેલ અને નોટીસ મળે દિન–૧૫ માં ચેકની રકમ ફરીયાદીને વસુલ આપી જવા જણાવેલ. જે નોટીસ આરોપીને તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજ ધારાસર

બજી ગયેલ હોવા છતાં આજદિન સુધી નાણાં વસુલ આપેલ નથી અને નોટીસનો ખોટો અને ઉડાઉ જવાબ આપેલ છે. આમ, આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબની રકમ ફરીયાદીને નહી ચુકવી આપતાં સદર ફરીયાદીએ આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ થી કલમ -૧૩૮ મુજબની ફરીયાદ આપી આરોપી વિરુધ્ધ કાયદેસર થવા અરજ ગુજારેલ છે.

(૨) ફરીયાદ રજુ થતાં આ કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યવાહી ધારાની કલમ-૨૦૪ અન્વયે આ કામના આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના પ્રોસેસ કરવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ બજી જતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને ફોજદારી કાર્યવાહી ધારાની કલમ-૨૦૭ મુજબ ફરીયાદ તથા કેસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાતરી કરી આરોપી ની ફરીયાદ હકીકત મુજબના ગુના સંદર્ભે આંક-૧૬ થી પ્લી નોંધવામાં આવેલ. સદર નિવેદનમાં આરોપીએ ગુનો કબુલ કરી નહી હોવાનું જણાવતાં સદર કામ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયા બાદ આંક-૬૦ થી તેમનો પુરાવો બંધ થયાની પુરસીસ રજુ કરવામાં આવેલ, ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ અને તે અન્વયે આરોપીએ પોતાને સોગંદ ઉપર જુબાની આપવી ન હોવાનુ અને બચાવના સાહેદો તપાસવા ન હોવાનુ જણાવી વિશેષમાં આ કામે તેઓએ ફરીયાદી સાથે કોઈ વ્યવહાર કરેલ નથી અને ફરીયાદીએ ખોટો કેસ કરેલ છે. તેઓ નિર્દોષ હોવાનુ જણાવેલ છે. ત્યારબાદ આરોપી પક્ષને પોતાનો પુરાવો રજુ કરવામાં યોગ્ય અને વ્યાજબી તક આપેલ હોવા છતાં તેઓએ કોઈ પુરાવો રજુ કરેલ ન હોય તેઓનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

ફરીયાદપક્ષે દલીલો :-

(૫) આ કામે ફરીયાદી પક્ષના વિ.વ.શ્રી ધ્વારા આંક-૭૨ થી વિગતવારની લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે તેમજ ફરીયાદી તરફે તેઓની

અરજીના સમર્થનમાં નીચે મુજબના જે ચુકાદા રજુ કરવામાં આવેલ છે તે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

(૧) શ્રીમતી અનુસુયા વી.કે. વિ. શ્રીમતી ભાગ્ય સતીશ, નામદાર એડી.ચીફ.મેટ્રોપીલીટયન મેજી., બેગ્લુરુ સીટી.

(૨) વીરિન્દ્રકુમાર શર્મા વિ. સુષ્મા ત્યાગી, નામદાર મેટ્રોપીલીટયન મેજી., સેન્ટ્રલ ડીસ્ટ્રીકટ, હજીરા કોર્ટ, દિલ્હી.

બચાવપક્ષે દલીલો :–

(૫.૧) સદર કામે બચાવપક્ષના વિ.વ.શ્રી વી.બી. ત્રીવેદીનાઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેનો યથાસ્થાને ઉલ્લેખ કરવામાં આવેલ છે.

(૬) હાલની ફરીયાદના કામે રજુ થયેલ પુરાવો અને મૌખિક રજુઆતો ધ્યાન લેતાં, સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:: મુદ્દા ::

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે રૂા. ૧,૨૦,૦૦૦/–(અંકે રૂપિયા એક લાખ વીસ હજાર પુરા) નો એ.યુ.સ્મોલ ફાઇનાન્સ બેન્ક, સુમેરપુર શાખાનો આરોપીના ખાતાનો ચેક નં.૦૦૦૦૧૦ નો તા.૧૭/૧૦/૨૦૨૨ નો આપેલો અને તે ચેક ફરીયાદીએ પોતાની બેન્કમાં રજુ કરતાં સદર ચેક ''એકાઉન્ટ ડોરમેન્ટ'' ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલો અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટીસ આપ્યા છતાં, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહી ચુકવી આપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ શિક્ષા પાત્ર ગુન્હો કર્યો છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દા પરત્વે મારા નિર્ણયો નીચે મજુબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૮) આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઇ તથા નકકી કરવામાં આવેલા મુદ્દાના નિર્ણય પર પહોંચવા માટેના મારા કારણો–તારણો નીચે મુજબ છે.

// કા ર ણો //

મુદ્દા નં.૧ તથા ૨ પરસ્પર સંકળાયેલા હોય પુરાવા તથા કાયદાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સદર બન્ને મુદ્દાઓની ચર્ચા સંયુકત કરવી ન્યાયોચિત જણાતું હોય, મુદ્દા નં.૧ તથા ૨ ની સંયુકત ચર્ચા કરવામાં આવે છે.

(૯) સૌપ્રથમ એ જણાવવું જરૂરી છે કે, ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ધ્યાને લેતાં આ કલમમાં અમુક જોગવાઇઓ આજ્ઞાત્મક છે કે જે આ કલમ હેઠળ ફરીયાદ દાખલ કરતાં પહેલાની પૂર્વ શરતો છે, જેનું પાલન કરવું અનિવાર્ય છે, તે સિવાય આ કલમ હેઠળ ફરીયાદ લઇ શકાય નહી કે ફરીયાદ ચાલી શકે નહી જેથી તે અંગે પ્રથમ ચર્ચા કરવી જરૂરી છે. ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ની જોગવાઇ વંચાણે લેતાં.....

Sec. 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account– Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be

paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless–

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity, whichever is earlier.

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation– For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

- હાલના આ કામે કલમ–૧૩૮ માં પરંતુક (એ) પ્રમાણે તે ચેક ત્રણ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી મર્યાદામાં બેન્કમાં રજુ થયેલો હોવો જોઇએ. જે બાબતમાં આંક–૨૭ વાળો ચેક તા.૧૭/૧૦/૨૨ નો છે, તે ચેક આંક–૨૮ મુજબ તા.૧૭/૧૦/૨૦૨૨ ના રોજ સમય

મર્યાદામાં બેન્કમાં ભરાયેલ છે જે રીટર્ન થયેલ છે. જેથી ફરીયાદ પક્ષે પરંતુક (એ) નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.

- પરંતુક (બી) ધ્યાને લઇએ તો ચેક પરત આવ્યાથી દિન–૩૦ માં ચેકની રકમની માંગણી કરતી લેખીત નોટીસ આરોપીને ફરીયાદીએ આપેલી હોવી જોઇએ. આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ રીટર્ન મેમો જોતાં તેમાં ચેક તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ પરત ફરેલ છે. જેમાં તે ''એકાઉન્ટ ડોરમેન્ટ'' ના શેરા સાથે પરત આવેલ છે. જયારે આંક–૩૦ થી રજુ થયેલ નોટીસમાં તે નોટીસ તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ ભવરલાલ ધુલચંદ્રજી સોનીને જારી કરેલાનું જણાય છે. એટલે કે, ફરીયાદીને ચેક પરત ફર્યાની જાણ તા.૧૮/૧૦/૨૦૨૨ ના રોજ થયા બાદ દિન–૩૦ માં એટલે કે તા.૦૨/૧૧/૨૦૨૨ ના રોજ આરોપીને નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીના રહેણાંકના સરનામે આપવામાં આવેલ છે. આમ, ફરીયાદએ ચેક પરત ફર્યાની જાણ થયાના દિન–૩૦ માં તે ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને આપેલ છે. જેથી ફરીયાદી ધ્વારા કલમ–૧૩૮ ના પરંતુક(બી) નું પાલન કરવામાં આવેલ છે.
- વધુમાં, પરંતુક (સી) મુજબ આરોપીને આંક–૩૨ થી રજુ એકનોલેજમેન્ટ સ્લીપ ધ્યાને લેતાં ફરીયાદી ધ્વારા જે રજીસ્ટર એ.ડી.થી આરોપીને નોટીસ મોકલવામાં આવેલ અને તે નોટીસ આરોપીને બજી ગયેલ છે અને આ નોટીસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકના નાણાં ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે તેમજ આ કામે આરોપીએ તેવી કોઇ રકમ ચુકવી આપ્યાનો બચાવ પણ લીધેલ નથી. જેથી ફરીયાદ પક્ષ, કલમ –૧૩૮ ના પરંતુક (સી) મુજબનું પાલન આરોપી ધ્વારા કરેલ ન હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ છે.
- ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૪૨(બી) વંચાણે લેતાં તમામ આજ્ઞાત્મક જોગવાઇનું પાલન થયા બાદ હાલની આ ફરીયાદ મુદતમાં કોર્ટ સમક્ષ દાખલ થયેલ છે. આમ, આ ફરીયાદ તમામ આજ્ઞાત્મક પુર્વ શરતોનું પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે

જે ફરીયાદ મુદતમાં છે જેનો કોઇ બાધ નડતો નથી.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હો પુરવાર કરવા માટે આંક–૦૪ થી ફરીયાદી સોની રામલાલ જેઠમલજી તેમનું પુરાવારૂપી સોગંદનામું રજુ કરી સદર પુરાવારૂપી સોગંદનામાંની સરતપાસમાં આંક–૦૧ થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન આપતી વિગતો જણાવેલ છે. જેથી પુરાવાનું પુનરાવર્તન ટાળવા સારૂ ફરીયાદીની સરતપાસનો અત્રે ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આરોપી તરફે ફરીયાદીની કરવામાં ઉલટતપાસ ધ્યાને લેતાં ફરીયાદી તેમની ઉલટતપાસમાં એવું જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, હું સોની કામનો ધંધો કરુ છું તે બતાવતો કોઇ આધાર પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી ચાંદીના દાગીના બનાવવાનું કામ કરે છે તે બતાવતો કોઇ આધાર પુરાવો મે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, ફરીયાદમાં જણાવેલ કહેવાતી રકમ લેવા આરોપી તા.૨૮/૭/૨૨ ના રોજ આવેલા અને તે જ દિવસે મે આરોપીને રકમ આપેલી તેવું મારી ફરીયાદમાં જણાવેલ છે. એ વાત ખરી છે કે, મે કઇ બેંકમાંથી ઉપાડીને આરોપીને આપેલી તે હકીકત ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મે કઇ બચતમાંથી આરોપીને રકમ આપેલી તે બચતનું નામ મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આંક–૨૭ વાળા ચેકમાના અક્ષરો મે ઘુંટેલ છે. તે વાત ખરી છે કે, આંક–૨૭ વાળા ચેકમાં સહી હિન્દી ભાષામાં કરેલ છે જયારે બીજી વિગત ગુજરાતી ભાષામાં લખેલ છે. એ વાત ખરી છે કે, આંક–૨૮ વાળી ચેક ભર્યાની સ્લીપમાં ચેકચાક થયેલાનું જણાય છે. એ વાત ખરી છે કે, આરોપીને મે વકીલ મારફતે જે નોટીસ આપેલી તેનો આરોપીએ તેમના વકીલ મારફતે જવાબ આપેલો. એ વાત ખરી નથી કે, હું પીગ્મીનું ખાતું ધરાવું છુ. એ વાત ખરી નથી કે, ફરીયાદીએ આ કામના આરોપીને પીગ્મી ખાતુ ખોલાવી આપેલ. એ વાત ખરી નથી કે, તા.૧૫/૭/૨૧ થી તા.૧૫/૬/૨૨ સુધી પીગ્મીની રકમ મે ભરાવેલી. એ વાત ખરી નથી કે, આ પીગ્મીની રકમ જે ભરાવેલી તેના સીકયોરીટી પેટે ફરીયાદમાં બતાવેલ ચેક અમોએ આરોપી પાસેથી લીધેલ. એ વાત

ખરી નથી કે, પીગ્મીની રકમ પણ અમે લઇ લીધેલી અને કહેવાતો ચેક પણ અમે લઇ લીધેલો. એ વાત ખરી નથી કે, અમોને સીકયોરીટી પેટે આપેલ ચેકનો દુરુપયોગ કરી આ ખોટો કેસ કરેલ છે. એ વાત ખરી છે કે, ફરીયાદમાં આંક–૨૯ થી રજુ કરેલ બેંકના મેમામાં ચેક રીટર્ન થવાનું કારણ એકાઉન્ટ ડોરમેન્ટ હોવાનું દર્શાવેલ છે. એ વાત ખરી છે કે, ડોરમેન્ટ એકાઉન્ટ કોને કહેવાય તે મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે, પ્રોમીસરી નોટના અક્ષર અને ચેકમાં લખેલ અક્ષર અલગ અલગ છે. એ વાત ખરી નથી કે, કહેવાતા વ્યવહાર બાબતે મારે અને આરોપીને રૂબરૂ મુલાકાત થયેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે રજુ રાખેલ પ્રોમીસરી નોટ મે ભરેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપી સાથે મારે ફરીયાદમાં બતાવેલ કોઇ વ્યવહાર થયેલ નથી તેમ છતાં આરોપી સામે ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૧) ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મુજબના પુરાવાનું મુલ્યાંકન કરતાં ફરીયાદીની આરોપી તરફે થયેલ ઉલટતપાસમાં આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, આ કામના ફરીયાદીએ આરોપીને પીગ્મી ખાતુ ખોલાવી આપેલ અને તા.૧૫/૭/૨૧ થી તા.૧૫/૬/૨૨ સુધી ફરીયાદીએ આરોપી પાસે પીગ્મીની રકમ ભરાવેલી. આ પીગ્મીની જે રકમ ભરાવેલી તેના સીકયોરીટી પેટે ફરીયાદ વાળો ચેક ફરીયાદીએ આરોપી પાસેથી લીધેલ. આરોપી પાસેથી સીકયોરીટી પેટે લીધેલ ચેકનો દુરુપયોગ કરી ફરીયાદીએ આ ખોટો કેસ કરેલ છે. આમ ફરીયાદીની બચાવપક્ષે થયેલ ઉલટતપાસ ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક આરોપીના બેંક એકાઉન્ટનો છે અને તેમાં આરોપીની સહી છે તે હકીકત નિર્વીવાદ બની જાય છે. આ કામે આરોપી પાસે ફરીયાદીએ પીગ્મીનું ખાતુ ખોલાવેલ અને આરોપીએ તા.૧૫/૭/૨૧ થી તા.૧૫/૬/૨૨ સુધી પીગ્મીની રકમ ભરાવેલ તેવો આરોપી તરફે બચાવ લેવામાં આવેલ છે, પરંતુ આ હકીકતના સમર્થનમાં આરોપી તરફે કોઇ દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરવામાં આવેલ નથી. આરોપી પીગ્મીમાં દર મહિને કે અઠવાડીયે કે દૈનિક રકમ જમા કરાવતાં હતા અને કેટલી રકમ જમા કરાવતા હતા તેમજ આ રકમ કોની પાસે જમા

કરાવતા હતા તેવી કોઈ જ હકીકત આરોપી જણાવતા નથી. પીગ્મીની રકમ આરોપી સાથે અન્ય કયા લોકો જમા કરાવતા હતા તેવી પણ કોઈ હકીકત આરોપી જણાવતા નથી. ફરીયાદીએ આપેલ ચેક રીટર્ન થયાની નોટીસનો આરોપી તરફે લેખિતમાં વકીલશ્રી મારફતે જવાબ આપવામાં આવેલ છે જે નોટીસનો જવાબ આ કામે આંક-પર થી રજુ થયેલ છે. સદર આંક-પર વાળો નોટીસનો જવાબ ધ્યાને લેતાં તેમાં પણ આરોપીએ પેરા નં.૬ માં એવો બચાવ લીધેલ છે કે, ''તમોએ અમારા અસીલ પાસે પીગ્મી ખાતુ ખોલાવેલ અને પીગ્મી ખાતામાં અમારા અસીલ પાસે તમોએ રૂા.૧,૮૩,૦૦૦/- જેટલી રકમ તા.૧૫/૭/૨૧ થી તા.૧૫/૬/૨૨ સુધી ભરાવેલ અને અમારા અસીલ પાસે તમોએ પીગ્મીની રકમ ભરાવી એ રકમ તમોએ તમારી મરજી મુજબ લઈ લીધેલ છે અને અમારા અસીલ પાસે પીગ્મીની રકમ પેટે સીકયોરીટીનો ચેક જે તમોએ નોટીસમાં જણાવેલ છે તે લઈ અમારા અસીલ ઉપર બીલકુલ ગેરકાયદેસર નોટીસ તમોએ આપેલ છે અને અમારા અસીલે તમોને તમારા કહેવા મુજબ પીગ્મીની રકમ ભરેલ છે અને રકમ ભર્યા બાદ તમોને આપેલ સીકયોરીટીનો ચેકનો દુરુપયોગ કરી તમોએ આ નોટીસ અમારા અસીલને આપેલ છે. જે નોટીસના જવાબથી જાણશો.'' આમ, આરોપીએ ફરીયાદીના કહેવાથી પીગ્મીના ખાતામાં રૂા.૧,૮૩,૦૦૦/- જેટલી રકમ ભરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ આ હકીકતના સમર્થનમાં આરોપી તરફે લેશમાત્ર પુરાવો રજુ કરેલ નથી. જેથી આરોપીના માત્ર મૌખિક કથન ઉપર આધાર રાખી આ હકીકત માની શકાય તેમ નથી. વધુમાં આ કામે ફરીયાદી તરફે આંક-૨૬ થી પ્રોમીસરી નોટ રજુ થયેલ છે. સદર પ્રોમીસરી નોટ આ કામના આરોપીએ ફરીયાદીની તરફેણમાં તા.૨૮/૭/૨૨ ના રોજ લખી આપી તેમાં સહી કરી આપેલ હોવાનું જણાય છે. સદર પ્રોમીસરી નોટમાં આરોપીની સહી છે. પ્રોમીસરી નોટ આરોપીએ ફરીયાદીને લખી આપેલ નથી કે આ પ્રોમીસરી નોટમાં આરોપીની સહી નથી તેવો આરોપી તરફે કોઈ બચાવ નથી. વધુમાં સદર પ્રોમીસરી નોટ તા.૨૮/૭/૨૨ ના રોજ લખી આપેલ હોવાનું જણાય છે એટલે કે આરોપીએ ફરીયાદી પાસેથી

જયારે રકમ હાથઉછીની લીધી ત્યારે આ પ્રોમીસરી નોટ લખી આપેલ હોવાનું જણાઇ આવે છે. વધુમાં આ કામે ફરીયાદ તરફે રજુ થયેલ આંક–૨૬ વાળી પ્રોમીસરી નોટ તથા આંક–૨૭ વાળા ચેકમાં આરોપીના નામે જે સહી કરવામાં આવેલ છે તે સહીઓ એક સમાન હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે. આમ, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક અને પ્રોમીસરી નોટ આરોપીએ ફરીયાદીને લેણી રકમ પેટે લખી આપેલ હોવાનું સ્પષ્ટપણે જણાઇ આવે છે.

(૧૨) સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી વી.બી. ત્રીવેદીનાઓએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદવાળો ચેક ડોરમેન્ટ એકાઉન્ટના રીટર્ન મેમા સાથે પરત ફરેલ હોય આરોપીની સામે એન.આઇ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બને નહી જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવો જોઇએ. જયારે ફરીયાદી તરફે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, આરોપીએ ડોરમેન્ટ એકાઉન્ટનો ચેક આપેલ છે તે ફરીયાદીને ચેક રીટર્ન થયા પછી ખબર પડેલ છે. આરોપી તેના કયા ખાતાનો ચેક આપે છે તે આરોપીને ખબર હોય. ફરીયાદીને ચેક લેતી વખતે ખબર ના હોય કે આ ચેક ડોરમેન્ટ એકાઉન્ટનો છે કે ચાલુ એકાઉન્ટનો છે. આરોપીએ ઈરાદાપૂર્વક ફરીયાદીને લેણી રકમ વસુલ નહી આપવા માટે ડોરમેન્ટ એકાઉન્ટનો ચેક આપેલ છે. આમ, આરોપીએ ફરીયાદીને લેણી રકમ ચુકવવી ના પડે તેવા બદઆશયથી ડોરમેન્ટ એકાઉન્ટનો ચેક ફરીયાદીને આપેલ છે. આમ, આરોપીનો ઈરાદો પ્રથમથી જ ફરીયાદીને લેણી રકમ ચુકવી આપવાનો ન હતો તેવું સાબીત થાય છે. ફરીયાદવાળો ચેક આરોપીના બેંક એકાઉન્ટનો છે અને તે રીટર્ન થયેલ છે તેટલું જ કારણ એન.આઇ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનવા માટે પુરતુ છે. જેથી આરોપીને કસુરવાન ઠરાવવો જોઇએ. બંને પક્ષકારોની વિ.વ.શ્રી ની આ દલીલો ધ્યાને રાખી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદવાળો ચેક આરોપીના ખાતાનો છે તેમજ ફરીયાદવાળા ચેકમાં આરોપીની સહી છે તે હકીકત પુરવાર થાય છે. ફરીયાદવાળો ચેક આરોપીનું ખાતુ ડોરમેન્ટ થયેલ હોવાના કારણસર

પરત ફરેલ છે. ફરીયાદીએ તેમની દલીલના સમર્થનમાં **શ્રીમતી અનુસુયા વી.કે. વિ. શ્રીમતી ભાગ્ય સતીશ, તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજનું નામદાર મેટ્રોપોલીટન મેજી. બેન્ગલુરુ કોર્ટ** નું જજમેન્ટ રજુ કરેલ છે. મેટ્રો મેજી. કોર્ટનું જજમેન્ટ આ કોર્ટને બંધનકર્તા નથી, પરંતુ સદર જજમેન્ટમાં **નામ. કેરાલા હાઇકોર્ટ ધ્વારા Premjithilal V.P. Vs. Peter John Aswez** & **anr**. 2022 **SCC Online** 6771 ઉપર આધાર રાખી ડોરમેન્ટ એકાઉન્ટવાળા ચેકના કેસમાં આરોપીને સજા કરેલ છે. સદર નામદાર કેરાલા હાઇકોર્ટનો ચુકાદો ધ્યાને લેતાં નામ. કેરાલા હાઇકોર્ટ ધ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે, જો ચેક એકાઉન્ટ ડોરમેન્ટના કારણસર પરત ફરે તો તેને ઇનશફીશીયન્ટ ફંડસ જેવી જ પરીસ્થીતી માનવામાં આવે એટલે કે માત્ર એકાઉન્ટ ડોરમેન્ટ થયેલું હોવાથી આરોપી એન.આઇ.એકટની કલમ–૧૩૮ ના ગુનામાંથી બચી શકતો નથી. જો આરોપી ચેક પર પોતાની સહી સ્વીકારે તો એવું માનવામાં આવશે કે ચેક કાયદેસરનું દેવું અથવા જવાબદારી પેટે ચુકવવા માટે આપવામાં આવેલ હતો અને તે ખોટુ સાબિત કરવાની જવાબદારી આરોપીની છે માત્ર ટેકનીકલ કારણસરથી આરોપી પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહી. ચેક લખી આપનાર જાણી જોઇને એવી પરીસ્થીતી ઉભી કરે ચેક કલીયર ના થાય તો તે એન.આઇ. એકટની કલમ–૧૩૮ ના ગુનામાંથી બચી શકે નહી. એન.આઇ. એકટની કલમ–૧૩૮ નો હેતુ ચેકના વ્યવહારની વિશ્વસનીયતા અને બેંકીંગ વ્યવસ્થામાં લોકોનો વિશ્વાસ જાળવવાનો છે જેથી ટેકનીકલ કારણોસર કાયદેસરની લેણી રકમ પેટે ચેક લખી આપનારને જવાબદારીમાંથી મુકત ના કરી શકાય તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે. જેથી ફરીયાદવાળો ચેક ડોરમેન્ટ એકાઉન્ટના કારણસર રીટર્ન થયેલ છે તેટલા કારણસર આરોપી વિરૂધ્ધ એન.આઇ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનતો નથી તેવી આરોપીના વિ.વ.શ્રીની દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૧૩) આમ, આ કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીને લેણી રકમ પેટે લખી

આપેલ હોવાનું જણાઈ આવે છે અને સદર ચેક ફરીયાદીએ પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવતાં આરોપીનું બેંક એકાઉન્ટ ડોરમેન્ટ થયેલ હોઇ ચેક વણસ્વીકારે પરત ફરેલાનું સ્પષ્ટપણે પુરવાર થતું હોઇ આરોપીએ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સ્પષ્ટપણે સાબિત થાય છે. જયારે આરોપીપક્ષ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૯ મુજબ અનુમાનનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે તેવું આ કોર્ટનું માનવું છે.

આમ, ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ ''**હકારમાં**'' આપી આરોપીને ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબના ગુના હેઠળ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને ન્યાયના વિશાળ હિતમાં આરોપીને સજાના પ્રમાણ બાબતે સાંભળવા મુલત્વી રાખવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૫ મી, માહે : જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૫/૦૬/૨૦૨૬
મુ.ખેડબ્રહમા.

(કે. જે રાઠોડ)
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ખેડબ્રહમા.
જજ કોડ નં.૦૦૮૭૫

:: સજા બાબતે સાંભળ્યા ::

(૧) ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી વી.બી. વૈષ્ણવનો પોકાર કરતાં હાજર નથી. જેથી ફરીયાદપક્ષે વિ.વ.શ્રીને સાંભળી શકાયેલ નથી.

(૨) આરોપી તરફે વિ.વ.શ્રી વી.બી. ત્રીવેદીનાઓએ એવી દલીલ કરેલ છે કે, આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે. આરોપી તેમના પરીવારમાં એકમાત્ર કમાનાર વ્યકિત છે. આરોપીના શિરે તેઓના કુટુંબની જવાબદારી છે. જો આરોપીને વધુ સજા કરવામાં આવશે તો આરોપીના પરીવારને ભુખે મરવાનો વારો આવશે. જેથી આરોપીને

ઓછામાં ઓછી સજા કરવા અને ઓછામાં ઓછો દંડ કરવા દલીલ કરેલ છે. વધુમાં આરોપીના વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, આરોપીને આજરોજ મુદતમાં હાજર રહેવા ત્રણ થી ચાર વાર ફોન કરવા છતાં આરોપીએ ફોન ઉપાડેલ નથી કે મુદતમાં હાજર રહેલ નથી.

(૩) બંને પક્ષકારો તરફે વિ.વ.શ્રીઓની રજુઆતો ધ્યાને લીધી. હાલના કામે આરોપીને ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવવામાં આવેલ છે. આરોપી સામે આક્ષેપિત ગુનાની સજાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. ફરીયાદીએ આરોપીને મિત્રતાના નાતે હાથઉછીના નાણાં આપેલ હતા અને જે પેટે આરોપીએ ફરીયાદીને હાલનો ચેક લખી આપેલ હતો જે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, આરોપીએ ફરીયાદીને આર્થીક નુકશાન પહોંચાડેલ છે. હાલ સમાજમાં ચેક પરત ફરવાના કેસોનું પ્રમાણ ખુબ વધેલ છે. કાયદામાં જે ઉદ્દેશથી ચેકના વ્યવહારોનો સમાવેશ કરવામાં આવેલ છે, તે ઉદ્દેશ ચેક વણચૂકવ્યે પરત ફરવાને કારણે પરીપૂર્ણ થાય તેમ નથી. હાલના કામે આરોપીપક્ષે કરેલ દલીલો મુજબ આરોપી ઉપર કુટુંબની જવાબદારી હોઈ યોગ્ય હુકમ કરવા દલીલ કરેલ છે. જે તમામ હકીકતો તેમજ હાલના કાયદાનો ઉદ્દેશ તેમજ સમાજમાં આવા પ્રકારના ગુનાઓ થતા અટકે તેમજ સમાજને આર્થીક વ્યવહાર ઉપર વિશ્વાસ ટકી રહે તે જરૂરી છે. આરોપી સામેના આક્ષેપિત ગુનાની સજાકીય જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો, મહત્તમ બે વર્ષ સજા તેમજ દંડની જોગવાઈ છે. જે તમામ હકીકતો તથા આરોપીની આર્થીક અને સામાજીક જવાબદારીઓ વિગેરે ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામના આરોપી – **ભવરલાલ ધુલચંદ્રજી સોની**, રહે.રોડ નં.૩, ગાયત્રી સોસાયટી, વાસણા રોડ, મુ.પો.તા.ખેડબ્રહમા, જી.સાબરકાંઠા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૫૫ (૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી **૦૧ (એક) વર્ષની** સાદી કેદની

સજા તેમજ ચેકની રકમનો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) જો આરોપી દંડની રકમ જમા ના કરાવે તો આરોપીએ વધુ ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) દંડની રકમ જમા થયેથી અપીલ સમય બાદ સદર રકમ ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સદરહુ કામે આરોપી આજ રોજ કોર્ટમાં હાજર રહેલ ના હોય તેમજ આરોપી તરફે કોઈ હાજરી મુકતીનો રીપોર્ટ ના હોય કે અન્ય કોઈ અરજી ના હોય આરોપી વિરૂધ્ધ પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૩૬૩(૧) અન્વયે આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

આ હુકમ આજ તા.૨૫ મી, માહે : જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૫/૦૬/૨૦૨૬
મુ.ખેડબ્રહ્મા.

(કે. જે રાઠોડ)
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ખેડબ્રહ્મા.
જજ કોડ નં.૦૦૮૭૫

//A.B.K.//